# આવો! આવો! -સૂર્યકીર્તિ જિનરાજજી રે

આવો! આવો! -સૂર્યકીર્તિ જિનરાજજી રે..(૨)

વિધવિધ અર્ઘે વધાવું જિનવર દેવને..

ચૈતન્યસૂર્ય – જિનવરને પ્રકાશિયા રે..(૨)

ચૈતન્યસૂર્ય – અનંત કિરણે શોભતા રે..(૨)

રવિ કિરણોને દીપકથી પૂજી રહ્યા...

દિવ્યમૂર્તિ- દિવ્ય તુજ દેદાર છે રે..(૨)

પાવન પગલે અમ આંગણિયા શોભતા...

જિનજી મારા- જગના તારણહાર છે રે..(૨)

તુજ ગુણોની મહિમા અપરંપાર છે....

જિનવાણીમાં અમૃતરસ વરસી રહ્યા રે..(૨)

જિન ચરણોમાં વંદન અગણિત વાર છે...

આવો! આવો! -સૂર્યકીર્તિ જિનરાજજી રે..(૨)

વિધવિધ અર્ઘે વધાવું જિનવર દેવને..